ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે

**આવતીકાલે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે ગુડા વિસ્તારના રૂ. ૮૫ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત કરાશે : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ પણ ઉપસ્થિત રહેશે : રૂ. ૪૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય થનાર ગાંધીનગરના ક-૭ થી રાંધેજા-બાલવા-માણસા ખાતેના કામનું ખાતમુહુર્ત કરાશે : માણસા નગરપાલિકા વિસ્તારમાં અંદાજે રૂ. દોઢ કરોડના ખર્ચે એલ.ઇ.ડી સ્ટ્રીટ લાઇટ અને હાઇ માસ્ટ પોલના કામનું લોકાર્પણ અને રૂપિયા ૪ કરોડના ખર્ચે બ્યુટિફિકેશન થનાર ચંદ્રાસર તળાવનું ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે થશે**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ અને માણસા નગરપાલિકા વિસ્તારમાં જનસુખાકારીના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે તા. ૧૩મી જુલાઈના રોજ કરવામાં આવશે.



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગુડા વિસ્તારના ૮૫ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર છે. જેમાં વાવોલ ગામની ટીપી સ્કીમ–૧૩ના પ્લોટ નંબર ૩૧૯ અને ૩૦૯ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ કરવામાં આવેલા EWS – 2 પ્રકારના અદ્યતન સુવિધાવાળા રૂપિયા ૬૮ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા ૭૯૨ આવાસોનું લોકાર્પણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ આવાસના દરેક બ્લોકમાં આધુનિક લીફટ તથા ફાયર લીફટની સુવિધા આપવામાં આવી છે. આવાસના પરિસરમાં, કોંક્રીટ રોડ, પાર્કિંગ, કંમ્પાઉન્ડ વોલ, સિક્યુરીટી કેબીન સાથેનો એન્ટ્રી ગેટ, સ્ટ્રીટલાઈટ, સોલર સિસ્ટમ, જનરેટર, બગીચા સાથેનો કોમન પ્લોટ, પાણીનો બોરવેલ સાથે અંડર ગ્રાઉન્ડ સમ્પ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફાયર ફાઈટનીંગ સિસ્ટમ, કોમ્યુનિટી હોલ જેવી અનેકવિધ સુવિધાઓ અહીં પૂરી પાડવામાં આવી છે. ૮૦૦ જેટલા પરિવારનું ઘરના ઘરનું સ્વપ્ન ગાંધીનગર શહેરી વિસ્તારમાં માત્ર ૫.૫૦ લાખમાં સાકાર થશે. એક આવાસની કુલ કિંમત ૮.૫૦ લાખ છે. જેમાંથી રૂપિયા ૩ લાખની સહાય સરકાર દ્વારા આ લાભાર્થીઓને આપવામાં આવી છે. આ સાથે વાવોલ વિસ્તારમાં પ્લોટ નંબર- ૩૧૫ અને ૩૨૯ ખાતે રૂપિયા ૨.૮૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા બે બાગ-બગીચાનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે.

આત્મા ગામડાનો સુવિધા શહેરની તેવા શ્રેષ્ઠ ભાવ સાથે ગ્રામ્ય કક્ષાએ સરકાર કરવાના ઉમદા આશયથી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સરઢવ ગામ ખાતે રૂપિયા ૮૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા શશીકલા ઉદ્યાન અને રૂપિયા ૧ કરોડ ૨૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા અન્ય અદ્યતન બગીચાનું પણ લોકાર્પણ કરવામાં આવશે. તેની સાથે મોટી આદરજ ગામ ખાતે રૂપિયા ૧૨ કરોડ ૩૪ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ડ્રેનેજ નેટવર્ક, એસ.ટી.પી. તથા પંપીગ બનાવવાના કામાનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે.

માણસા વિસ્તારમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૪૦ કરોડના ખર્ચે ગાંધીનગરના ક-૭ થી રાંધેજા-બાલવા-માણસા સુધીના રોડને ચાર માર્ગીય બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## નિવૃત્તિ અને અવસાન બાદ આવાસ ખાલી ન કરવાના ૫૦ કિસ્સામાં નોટીસ

**પેન્શન સહિતના લાભો અટકાવતા કર્મચારીઓ હવે ઝડપથી મકાન પરત કરી દેતા હોવાનું પણ સ્પષ્ટ થયું : પહેલા કરતા આવા કિસ્સામાં નોંધપાત્ર ઘટાડો**

ગાંધીનગર

નિવૃતિ તેમજ અવસાનના કિસ્સામાં લાંબા સમય સુધી સરકારી આવાસ વિભાગને પરત નહી આપવાના કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવે છે જ્યારે હવે આવાસ પરત ન કરે ત્યાં સુધી પેન્શન સહિતના લાભો અટકાવવાના નિર્ણયના પગલે લીધે તંત્ર ને રાહત થઈ છે . જો કે આવાસ ખાલી ન કરાયા હોય તેવા ૫૦ કિસ્સામાં નોટીસ પણ આપવામાં આવી છે

શહેરમાં રહેણાક ને લાયક આવાસો ની સંખ્યા ઓછી છે ત્યારે કર્મચારીઓ નિવૃત્તિ અને અવસાન ના કિસ્સામાં પણ આવાસ નો કબજો પરત કરવામાં નિરસતા દાખવે છે તંત્ર દ્વારા પણ કિસ્સામાં ઈવીક્શન કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે છે જ્યારે કોર્ટમાં પણ પડતર કેસની સંખ્યા વધુ છે . જો કે કેસના ઝડપી નિકાલ માટે સરકાર દ્વારા મહેસૂલી અધિકારીની ખાસ નિમણૂક કરવામાં આવી હતી. બીજીતરફ કર્મચારની નિવૃતિ અથવા અવસાનના કિસ્સામાં પેન્શન સહિતના લાભ આપવાના સમયે સરકારી આવાસ પરત કર્યું હોવાનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવ્યુ ન હોય તો પેન્શન લાભ અટકાવવાનો નિર્ણય લેવાયો છે જયારે સરકારનો આ નિર્ણય અસરકારક પુરવાર થયો છે કર્મચારીના અવસાન અને

● અનુસંધાન પાન-૭ પર



ડો બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ સહીત ભાજપના અગ્રણીઓ અને દલિતસંઘના આગેવાનો સહીત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મનપા વિસ્તારમાં વિવિધ કામો હાથ ધરવા માટે ૨૩ કરોડની ગ્રાન્ટ માટે દરખાસ્ત

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ કામોને મંજુરી આપવામાં આવી હતી જયારે અમુક કામોમાં વધારાના ખર્ચને તેમજ સમય મર્યાદા વધારી આપવા માટે પણ મહત્વના નિર્ણયો લેવાયા હતા જયારે કોર્પોરેશન વિસ્તારમાં જરૂરી કામો હાથ ધરવા માટે અંદાજિત રૂ ૨૩ કરોડના ખર્ચના અંદાજ સાથે ગ્રાન્ટ મંજુર કરવા માટે સમિતિ સમક્ષ રજુ કરી મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને પણ દરખાસ્ત મોકલવામાં આવી છે. જેમાં રસ્તા, પ્રોટેકશન વોલ અને પાર્ટી પ્લોટ સહીતના વિવિધ ૬ કામોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં વિવિધ કામોને અનુલક્ષી રૂ ૨૩ કરોડની ગ્રાન્ટ માટે દરખાસ્ત કરવામાં આવી છે. વિવિધ કામોને સૈધ્ધાંતિક મંજુરી માટે ગુજરાત ફાઈનાન્સ બોર્ડમાં દરખાસ્ત કરવામાં આવી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૩-૨૪ અન્વયે આંતરમાળખાકીય કામો માટે ગાંધીનગર કોર્પોરેશનને વસતીના ધોરણે રૂ ૬૧૫૩.૫૭ મળવાપાત્ર છે. જેમાં રાયસણમાં માર્ગના ૮૦ મીટરના કામ માટે રૂ ૭ કરોડ વાવોલ સરગાસણ ખાતે કાંસ ડેવલપમેન્ટના કામને અનુલક્ષી રૂ ૪ કરોડ ના ખર્ચનો પણ કામોની યાદીમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત સરગાસણમાં સર્વિસ રોડને વિકસાવવા રૂ ૬ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન કરાયુ છે જે કામનો પણ દરખાસ્તમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત બાસણમાં પ્રોટેકશન વોલ બનાવાનુ કામ પણ દરખાસ્તમાં સામેલ છે. જેના પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે રાંદેસણ ગામમાં પાર્ટી પ્લોટ બનાવાની કામગીરીને અનુલક્ષીને રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે ચ-૦ ઈન્ફોસિટીના કોર્નર પાસે હરિયાળી નિખારવા માટે ગ્રીન ઝોન વન કવચ વિકસાવવામાં આવશે જયારે આ કામગીરી પાછળ પણ રૂ ૨ કરોડનો ખર્ચ દરખાસ્તમાં અંદાજવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએથી આ કામોને અનુલક્ષી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને સરકારની સૈધ્ધાંતિક મંજુરી અર્થે મોકલવા આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં પણ આ કામોની યાદી રજુ કરવામાં આવી હતી. જેમાં મંજુરીના અંતે હવે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સ્થાયી સમિતીની બેઠકમાં વિવિધ કામોને માટે વધારાના રૂ ૪.૪૪ કરોડના ખર્ચને મંજુરી

**સમય મર્યાદાને અનુલક્ષી વિવિધ ૮ અને જનભાગીદારીના ૪ કામોની દરખાસ્તને પણ મંજુરી**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ ૩૨ જેટલા મુદ્દાઓને અનુલક્ષી મંજુરી આપવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જેમાં ઘણાં કામોમાં ખર્ચની રકમ વધારવા મંજુરી આપવામાં આવી હતી જેમાં અંદાજિત ૪.૪૪ કરોડના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય કેટલાક કામોની સમય મર્યાદા વધારવાના કુલ ૮ કામોને અનુલક્ષી મંજુરી આપવામાં આવી હતી. ટેન્ડર રકમ સિવાય એકસેસ કામોની મંજુરી અન્વયે મહાનગરપાલિકાના ઓફિસ બિલ્ડીંગના કામ અન્વયે થયેલા વિવિધ ૨૮ પ્રકારના સુધારા વધારા જેમાં પાર્ટીશન અને ફર્નિચર સહીતની કામગીરીને અનુલક્ષી વધારાના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી આ ઉપરાંત વિવિધ ૮ કામો અન્વયે સમય મર્યાદા વધારવા માટે પણ મંજુરી આપવામાં આવી હતી.

ગાંધીનગર કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠક આજે યોજવામાં આવી હતી બેઠક દરમિયાન સે-૧૭ સ્થિત મહાનગરપાલિકાની કચેરીના બિલ્ડીંગને અનુલક્ષી ટેન્ડરની રકમ સિવાય થયેલા ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.જયારે ઝુંડાલ ગામતળ સહીતના વિવિધ ટી પી વિસ્તારમાં પાણીનુ નેટવર્ક ઉભુ કરવા માટે રૂ ૧૨.૩૫ કરોડનુ ટેન્ડર હતુ જયારે કામગીરી માટે રૂ ૪૦. ૩૧ લાખના વધારાના ખર્ચની રકમનો પણ મંજુરી આપવામાં આવી હતી. સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે આ અંગે વિગતો આપતા જણાવ્યુ હતુ કે વાવોલ , કોલવડા અને પેથાપુર તેમજ ભાઈજીપુરામાં કોમ્મ્યુનિટી હોલ તૈયાર કરવા ટેન્ડરમાં કુલ ૮૪.૩૧ લાખના વધુ ખર્ચને પણ મંજુરી આપવામાં આવી હતી.જયારે સુઘડ ખાતે ડ્રેનેજ વોટર

● અનુસંધાન પાન-૭ પર

### ભાડે વાહનોમાં મિનીમમ ૨૫૦૦ કીલોમીટરનુ ધોરણ રાખવાની દરખાસ્ત નામંજુર

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ મુદ્દે મહત્વના નિર્ણયો લેવાયા હતા. જયારે આ દરમિયાન વાહનો ભાડેથી દોડાવવા માટે લઘુત્તમ ૨૫૦૦ કીલોમીટરનુ ધોરણ રાખવાની દરખાસ્તને નામંજુર કરવામાં આવી હતી. હાલ ત્રણ સ્લેબમાં વાહનો માટે ભાડુ નિયત કરાયુ છે. હાલ ૧૨ પ્રકારના વાહનો છે. જેમાં ૩૯ પૈકી માત્ર ૨૫ વાહનો ૧૫૦૦ કીલોમીટર ૧૨ વાહનો ૨ હજાર કીલોમીટર અને ૨ વાહનો ૨૫૦૦ કીલોમીટરના સ્લેબમાં સમાવિષ્ટ છે. જો કે ૨૫ વાહનો ૧૫૦૦ કીલોમીટર સુધી ચાલતા હોવાથી કોર્પોરેશને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવે છે. એકબાજુ ઈંધણના ભાવ પણ વધ્યા છે. ત્યારે જુનો સ્લેબ અમલી ન રાખવા પણ નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષીને મિનિમમ ૨૫૦૦ કીલોમીટરનુ ધોરણ રાખવાની એજન્સીની દરખાસ્ત સ્થાયી સમિતિએ નામંજુર કરી છે.

### કુતરાના ખસીકરણ બાદ હવે ટેગ પણ લગાવાશે

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતા કુતરાઓને પકડી ખસીકરણ તેમજ હડકવા વિરોધી રસીકરણ કરવા માટે રૂ ૫૦,૦૦૦૦ ના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ અન્વયેના ટેન્ડરની મુદ્દત ગત તા ૧૭ જુલાઈના રોજ પુર્ણ થઈ ગઈ છે. જયારે નવી પ્રક્રીયા હાથ ધરવામાં ન આવે ત્યાં સુધી મર્યાદા પણ વધરવમાં આવી છે. જેમાં હવે કુતરાન ખસીકરણની પ્રક્રીયા થાય તે વિસ્તારમં સી સી ટી વી કેમેરા પણ લગાવાશે જયારે કુતરાના રસીકરણ બાદ હવે એમ એમ સી ની જેમ ટેગ પણ લગાવાશે

● શ્રદ્ધાંજલિ ●



**સ્વ. કનુભાઈ મરઘાભાઈ પટેલ**

(પૂર્વ ચેરમેનશ્રી, ગાંધીનગર જીલ્લા સહકારી સંઘ)

સ્વ. તા. ૦૪-૦૮-૨૦૨૩

આપના તા.૦૪-૦૮-૨૦૨૩ ના રોજ દેહવિલયથી અમો ઊંડા શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ. આપની લોકસેવાને અમો ક્યારેય ભૂલી શકીએ તેમ નથી. પરમ કૃપાળુ પરમાત્મા દેવાંગત આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

લિ.

**ગાંધીનગર જીલ્લા સહકારી સંઘ**

કોદરભાઈ આર.પટેલ (ચેરમેનશ્રી) — નવિનચંદ્ર જે.પટેલ (વા.ચેરમેનશ્રી)

● બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રી ●

રાજેન્દ્રકુમાર આર.શાહ, ભાવેશભાઈ એન.પટેલ, સોમાભાઈ એલ.ચૌધરી, નિરંજનકુમાર એમ.બિહોલા, લાલાભાઈ જી.પટેલ, યોગેશભાઈ જી.પટેલ, પરેશભાઈ આર.પટેલ, અમૃતભાઈ એમ.ચૌધરી, અશોકકુમાર આર.પટેલ, ગોવિંદભાઈ એ.પટેલ, સુરેશભાઈ વી.પટેલ, હસમુખભાઈ એન.પટેલ, મનુભાઈ બી.પટેલ, પુરષોત્તમભાઈ એ.ચૌધરી, પ્રકાશભાઈ સી.પટેલ, અરવિંદસિંહ એ.સોલંકી, માધાભાઈ ડી.ચૌધરી

ચકીનભાઈ પી.પટેલ (એક્ઝિક્યુટીવ ઓફીસર)

## રસાયણશાસ્ત્ર વિષયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૧૧

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે તા. ૬-૮-૨૦૨૩ના રોજ રસાયણશાસ્ત્ર વિષયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયેલ. સંસ્થાના સર્વાંગી હિત અને પ્રગતિ બાબતે દીર્ઘદૃષ્ટિ ધરાવતા એવા આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટ સાહેબની પ્રરણાથી તેમજ વિભાગીય અધ્યક્ષ ડી.ડી.પી. પટેલના નેતૃત્વ હેઠળ રસાયણશાસ્ત્ર વિભાગના પ્રવર્તમાન તેમજ ભવિષ્યના વિદ્યાર્થીઓને ઉજ્જવળ તક મળી રહે તે હેતુથી આ સંમેલનનું આયોજન કરવામાં આવેલ.




સમારંભના મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મ્યુનીસિપલ કોર્પોરેશનના મેયર હિતેશભાઈ મકવાણા તેમજ ગાંધીનગર સમાચારના મુદ્રક, પ્રકાશક તેમજ માલિક એવા કેતનભાઈ પટેલ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં વર્ષ ૧૯૯૪ થી લઈ ૨૦૨૨ દરમિયાન રસાયણશાસ્ત્ર વિષયમાં સદર સંસ્થામાંથી સ્નાતક થયેલ ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. હાજર રહેલ તમામ વિદ્યાર્થીઓએ સંસ્થાનું ઋણ અદા કરવા તન, મન, ધનથી મદદરૂપ થવા તૈયારી દર્શાવેલ છે.

## સે-૭ અને સે-૨૬માં કાચા છાપરાના દબાણો દુર કરાયા

**કોર્પોરેશનની ટીમે પોલીસ બન્દોબસ્ત વચ્ચે દબાણો દુર કર્યા**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોર અને દબાણની સમસ્યા દુર થતી નથી. સેકટરોમાં વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણો વધી રહ્યા છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર ફુટપાથ પર પણ દબાણોનો અડ્ડો છે. સેકટરોમાં લારી ગલ્લાના અને કાચા છાપરાના દબાણો પણ વધતા જાય છે. જેના લીધે ગંદકી સહીતની સમસ્યાઓથી પણ સ્થાનિકો પરેશાન છે. જયારે દબાણો મામલે ફરિયાદોના નિરાકરણ માટે આજે કોર્પોરેશનની ટીમ દ્વારા દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે સે- ૭ તેમજ સે-૨૬ માંથી કાચા છાપરાના દબાણો દુર કરવામાં આવ્યા હતા.



ગાંધીનગરમાં રખડતા ઢોરની જેમ દબાણની સમસ્યા પણ દાયકાઓ જુની છે. જયારે આ સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા સમયાંતરે દબાણો દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. હાલ પણ કોર્પોરેશનના તંત્ર દ્વારા દબાણો દુર કરવા માટે સમયાંતરે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સે- ૭ સી અને સે-૨૬ કીસાનનગર વિસ્તારમાંથી આજે દબાણો દુર કરાયા હતા ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટે શાખા દ્વારા કાચા છાપરા ખાલી કરવાયા હતા. આ વિસ્તારમાં વધતા દબાણો અંગે વારંવાર સ્થાનિક નાગરિકો દ્વારા ફરિયાદો કરવામાં આવતી હતી. કાચા છાપરાના દબાણોના લીધે સ્થાનિકો માટે ગંદકી અને પ્રદુષણની સમસ્યા પણ ઉદભવતા સ્થાનિકોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હતો. જયારે દિનપ્રતિદિન વધતા દબાણો સામે રોક લગાવવા તેમજ સ્થાનિકોની ફરિયાદોનુ નિરાકરણ લાવવા માટે આજે કોર્પોરેશનની દબાણ શાખા, મામલતદાર, માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ દબાણ દુર કરવા માટે કાર્યવાહી હાથ ધરી હતી પોલીસની હાજરીમાં દબાણો દુર

● અનુસંધાન પાન-૭ પર

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

**વર્ષ ૨૦૨૩–૨૪**

ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી, ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ–ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૦૨/૨૦૨૩-૨૪ | ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ખાતેના નવા બની રહેલા બિલ્ડીંગમાં આઈ.ટી. ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટેની જરૂરી સાધનો અને તેને લગતી તમામ વ્યસ્થા ઉભી કરવાની કામગીરી | રૂ.૫૦૦૦/- | રૂ. ૧,૭૫,૦૦૦/– |

ટેન્ડર ફોર્મની તા– ૧૨/૦૮/૨૦૨૩ થી ૨૧/૦૮/૨૦૨૩ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકલનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી ના ડીમાન્ડ ડ્રાફ્ટ રજિસ્ટ્રાર, ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના નામે તા– ૨૪/૦૮/૨૦૨૩ સુધીમાં કચેરીએ રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા– ૨૮/૦૮/૨૦૨૩ સમય ૧૬:૦૦ કલાકે કરવામાં આવશે.

રજિસ્ટ્રારશ્રી,
ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી
ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com